ચૂંટણી સમયનો ફાયદો ઉઠાવી રેતી માફિયાઓ બેફામ બન્યા

અંગારેશ્વર ગામે ગેરકાયદેસર રેતી ખનન પર ખાણ ખનીજ વિભાગનો દરોડો

૪ કરોડથી વધુ રકમનો મુદ્દામાલ જપ્ત : અચાનક રેડથી ભુમાફિયાઓમાં ફફડાટ ફેલાયો

ભરૂચ,તા.૧૫

ચોમાસાની સિઝન પુરી થતાની સાથે જ ભુમાફિયાઓ સક્રિય બન્યા છે. ગેરકાયદેસર રેતી, માટી, ખનીજ ખનનની વારંવાર બુમો ઉઠતી આવી છે. કેટલાક સ્થળો પર ભૂસ્તર વિભાગ દરોડો પાડી વાહનો અને વપરાશના સાધનો ઝડપી લે છે તેમજ દંડાત્મક કાર્યવાહી પણ કરે છે. ત્યારે દંડાત્મક કાર્યવાહીની નજીવી અસર થતાં ભુમાફિયાઓ એકવાર ફરીથી સક્રિય બની માટી, રેતી ચોર બની જાય છે. ગતરોજ ભરૂચ ખાણ ખનીજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રી નરેશ જાની ભરૂચમાં ગેરકાયદેસર રેતી ખનનની માહિતી મળી હતી. જે બાદ ગતરોજ



ભૂસ્તરશાસ્ત્રી નરેશ જાની અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર અરવિંદ કે. ઠાકોર તેમજ તેમની સર્વેયર સહિતની સંયુક્ત તપાસ ટીમે પૂર્વ પટ્ટીના અંગારેશ્વર ગામમાં ગેરકાયદેસર રેતી ખનનની પ્રવુતિ પર રેડ પાડી હતી. આ કાર્યવાહીમાં ખાણ ખનીજ વિભાગે ૫ હિટાચી મશીન, ૧ બાજ, ૭ નાવડી તેમજ ત્રણ ડમ્પર નંબર ૧.જીજે-૧૬-એવી-૭૩૭૧, ૨.જીજે-૧૬-એ વી-૮૭૩૦, ૩.જીજે-૧૬-એયું-૯૯૪૦ મળી કુલ રૂ.૪ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જે અંગે મદદનીશ નિયામક(એફ.એસ) અને ભરૂચ ભૂસ્તરશાસ્ત્રી(ચાર્જ) નરેશ જાનીએ માહિતી આપી હતી કે કસૂરદારો યોગેશ માલાની અને નિતેશ જોષી સામે નોટિસ ઈસ્યુ કરી દંડાત્મક કાર્યવાહી કરી વસુલાત કરવામાં આવશે. તેમજ જિલ્લામાં કોઈપણ સ્થળે ચાલતી ગેરકાયદેસર માટી, રેતી, ખનીજ ચોરીની માહિતી મળતાં જ રેડ કરવામાં આવશે અને કસુરવારોને છોડવામાં નહિ આવે. ત્યારે થયેલ અચાનક રેડથી ભુમાફિયાઓમાં ફફડાટ ફેલાયો છે, જોકે વધુ કડકાઈથી કાર્યવાહી કરવામાં આવે તો ચોક્કસ ખનીજચોરો પર લગામ લગાવી શકાય છે.

અંકલેશ્વરના કોસમડી નજીકથી જુગાર રમતા ૭ જુગારીઓ ઝડપાયા

અંકલેશ્વર તા.૧૫

ભરૂચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર તાલુકામાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, અંકલેશ્વર કોસમડી ગામ નજીક આવેલ નવી કોલોની પાછળ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે જુગારધામ ચાલી રહ્યુ છે જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસના દરોડાને પગલે જુગારીયાઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે સ્થળ પરથી રોકડા ૩૨ હજાર રોકડા અને સાત મોબાઈલ ફોન તેમજ પાંચ મોટર સાઈકલ મળી કુલ રૂ.૧.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને કોસમડી ગામના નવપરા વિસ્તારમાં રહેતો જુગારી સુરેશ બાબુ વસાવા, વિશાલ બાબુ પટેલ, મોહસીન સઈદ ખલિફા, મહંમદ બિલાલ ફારૂક વડીયા, નરેશ વસાવા સહિત સાત જુગારીયાઓને ઝડપી પાડી જી.આઈ.ડી.સી.પોલીસ મથકના હવાલે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

કાટીદરા ગામે નાનાભાઈની હત્યા કરનાર મોટાભાઈને આજીવન કેદની સજા

અંક્લેશ્વર,તા.૧૫

ઝઘડિયા કાટીદરા ગામે બે ભાઈઓ વચ્ચે થયેલા ઝગડામાં મોટા ભાઈએ નાના ભાઈની હત્યા કરી હતી,આ ઘટના અંગે અંકલેશ્વર એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા આરોપી શિવા વસાવાને આજીવન કેદની સજા સાથે અન્ય ગુનામાં વધુ ૭ વર્ષની સજા કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.ઝઘડિયા તાલુકાના કાટીદરા ગામે રહેતા સ્વ. પ્રભાત સરાધભાઈ વસાવા ૧૭-૧૧-૨૦૧૭ ના રોજ પોતાના ઘરે જમીને બેઠા હતા. ત્યારે તેમના મોટાભાઈ શીવાભાઈ સરાધભાઈ વસાવા વડોદરા રહેતા હતા અને દોઢેક માસથી કાટીદરા ગામે આવેલા તેણે બેક્કની ચોપડી પ્રભાત પાસે રાત્રીના આઠેક વાગ્યે માંગેલી ત્યારે તેમણે સવારે જોઈશું તેમ કહેતા બંને વચ્ચે બોલાચાલી થઇ હતી, અને રાત્રીના આશરે બે વાગ્યાના અરસામાં શિવા વસાવાએ ફરીથી બેક્કની ચોપડી માંગતા પ્રભાતે સુતાસુતા અત્યારે સુવા દે સવારે જોઈશું ત્યારે આવેશમાં આવી શિવા વસાવાએ કુહાડીથી માથાના ભાગે બે

- ત્રણ ઝાટકા મારી દીધા હતા,અને તેમની બાજુમાં સુતેલા તેમના પત્ની રમીલાબેનને પણ માથાના ભાગે કુહાડીના ઝાટકા મારીને ફરાર થઇ ગયા હતા. આ ઘટનામાં પ્રભાત વસાવાનું મોત નીપજ્યું હતું. આ બાબતની ફરિયાદ પ્રભાતભાઈ ના પત્ની રમીલાબેન ઝઘડિયા પોલીસ મથકમાં નોંધાવી હતી.આ કેસમાં સરકાર તર્ફે મદદનીશ સરકારી વકીલ એન. વી. ગોહિલ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી.અને આ કેસ અંક્લેશ્વરના ચોથા એડીશનલ સેશન્સ જજ ડી.વી. શાહની કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી વકીલ એન. વી. ગોહિલની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી જેમાં રજુ કરેલ પુરાવાઓ ધ્યાને રાખી એડિશનલ સેશન્સ કોર્ટે આરોપી શિવાભાઈ સરાધભાઈ વસાવાને ઈ.પી. કો. કલમ ૩૦૨ માં કસૂરવાર ઠરાવી આજીવન કેદ તથા ૧૦ હજારનો દંડ અને ન ભરે તો વધુ ૧ વર્ષની સજા તેમજ કલમ ૩૦૭ ના ગુનામાં ૭ વર્ષની સજા અને ૫ હજારનો દંડ અને મૃતકના વારસોને યોગ્ય વળતરનો હુકમ કર્યો હતો.

અંકલેશ્વર તાલુકા કોંગ્રેસના માજી પ્રમુખ અને આપના કાર્યકરો ભાજપમાં જોડાયા

અંકલેશ્વર તા.૧૫

આગામી વિધાનસભા ની ચૂંટણી પૂર્વે વિવિધ પક્ષોમાં આયારામ ગયારામની ગતિવિધિઓ જોવા મળી રહી છે.અંકલેશ્વર તાલુકા કોંગ્રેસ ના માજી પ્રમુખ સહીત ૧૦૦થી વધુ અને આમ આદમી પાર્ટીના હોદ્દેદારો અને ૧૫૦થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. અંકલેશ્વર ભાજપ કાર્યાલય ખાતે ભાજપના ઉમેદવારની ઉપસ્થિતિમાં અંકલેશ્વર તાલુકા કોંગ્રેસના માજી પ્રમુખ બાલુભાઈ પટેલ ,તેમના પુત્ર દીક્ષિત પટેલ સહીત ૧૦૦થી વધુ કાર્યકરો તેમજ આમ આદમી પાર્ટીના સંગઠન મંત્રી ચંદ્રેશ પટેલ સહીત હિરેન પટેલ ,ભદ્રેશ પટેલ .ચૌહાણ સહીત ૧૫૦થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. તેઓને ભાજપના ઉમેદવારે ખેસ પહેરાવી આવકાર્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના એક સમયના ઉમેદવાર મગન માસ્ટર પોતાના સમર્થકો સાથે આજરોજ ગાંધીનગર કમલમ ખાતે વિધિવત ભાજપનો કેસરિયો ધારણ કરી લીધો હતો.

નર્મદા આમ આદમી પાર્ટીમાં ફૂટ

ડેડિયાપાડા અને સાગબારાના કાર્યકરોએ રાજીનામાં આપ્યા

રાજપીપલા,તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચુંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે નર્મદા જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં ટીકીટ ફાળવણી મુદ્દે ભારે અસંતોષ ફેલાયો છે.નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટીનો પાયો નાખનાર ડો.કિરણ વસાવાએ ગંભીર આક્ષેપો લગાવી પોતાના સમર્થકો સાથે આમ આદમી પાર્ટીમાં રાજીનામું આપી દીધું છે.અત્રે એ ઉલ્લેખીય છે કે દેડીયાપાડા બેઠક માટે ડો. કિરણ વસાવા પણ આમ આદમી પાર્ટીના દાવેદાર હતા. ગુજરાત પ્રદેશ આદીવાસી મોરચાના જોઈન્ટ સેક્રેટરી અને નર્મદા જિલ્લા આમ આદમી પાર્ટીના પૂર્વ પ્રમુખ ડો.કિરણ વસાવાએ જણાવ્યું હતું કે આજથી ૩ વર્ષ પેહલા નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટીને કોઈ જાણતું પણ નહોતું એવા સમયે અમે પોતાના ખર્ચે ઘરે ઘરે ફરી આમ આદમી પાર્ટીનું સંગઠન બનાવ્યું હતું, અમે નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટીનો પાયો નાખ્યો અને છેલ્લાં ઘણા સમયથી અમારી જ પાર્ટીમાં અવગણના કરવામાં આવી રહી છે.અમારું અપમાન કરવામાં આવે છે અમારું કોઈ સાંભળતું નથી. આખા ગુજરાતમાં મૂળ સંગઠનના કાર્યકરોને છોડીને અન્ય પાર્ટી માંથી આવેલા અને ભ્રષ્ટાચાર કરી આવેલા લોકોને વિધાનસભાની ટીકીટ આપવામાં આવી છે. તો બીજી બાજુ આમ આદમી પાર્ટી એમ કહે છે કે અને ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાત બનાવીશું. જો ભ્રષ્ટાચારીઓને ટીકીટ આપશો તો ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાત કેવી રીતે બનશે. એમણે આક્ષેપ લગાવ્યો હતો કે આમ આદમી પાર્ટીએ આખા ગુજરાતમાં પૈસાના જોરે ટીકીટ વેચાતી આપી છે એટલે જૂના કાર્યકરો ખૂબ નારાજ છે.

અંકલેશ્વર નજીક હાઈવે પર કાર ચાલકે બાઈક સવાર સાહુ ભાઈઓને ટક્કર મારતા બંનેના મોત

અંકલેશ્વર,તા.૧૫

અંકલેશ્વરના પ્રતિન ઓવર બ્રિજ નીચે નેશનલ હાઈવે ઉપર કાર ચાલકે બાઈક સવાર સાહુ ભાઈઓને ટક્કર મારતા બંનેના કરુણ મોત નીપજ્યા હતા.નેત્રંગ તાલુકાના કેલ્વી કુવા ગામના વડ ફળિયામાં રહેતા ઉમેશ ચીમનભાઈ વસાવાના પિતા ચીમનભાઈ સોમાભાઈ વસાવા અને માસા મનીષ મધુસિંગ વસાવા બાઈક (નંબર-જી.જે.૧૬. બી.ઈ.૨૪૩૩) લઈ અંકલેશ્વર ખાતે કામ અર્થે આવ્યા હતા જેઓ બંને સાહુ ભાઈઓ અંકલેશ્વરના પ્રતિન ઓવર બ્રિજ નીચે નેશનલ હાઈવે ઉપર અંકલેશ્વરથી સુરત ટ્રેક ઉપરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન કાર (નંબર-ડી.એલ.૧.સી.એ.ઈ.૯૦૪૭)ના ચાલકે પુરપાટ ઝડપે હંકારી લાવી બાઈક સવારોને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા ચીમન વસાવાને તાત્કાલિક અન્ય કાર સવારે સારવાર અર્થે અંકલેશ્વર ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.જ્યા હાજર તબીબે તપાસી તેઓને મૃત જાહેર કર્યા હતા.જ્યારે મનીષ વસાવા ૧૦૮ એમ્બયુલન્સ સેવાની મદદ વડે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યા તેઓનું પણ ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ.

આમોદ તાલુકાના માતર ગામે આદિવાસી યુવાને ફોડેલા

ફટાકડાનો તણખો ઘર પર પડતાં યુવક પર જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારાયો

ભરૂચ,તા.૧૫

આમોદ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આમોદ તાલુકાના માતર ગામે ગત ૧૩ મી નવેમ્બરના રોજ રાત્રીના સમયે જગદીશ જીવણ વસાવા ઉ.વ.૪૦ તેના ઘરના આગળ આંગણામાં ફટાકડા ફોડતો હતો. તેવામાં ફાટકડાનો તણખો ઉડીને મસ્જિદ ફળિયામાં રહેતા ફૈઝલ મહંમદ કાળાના ઘર ઉપર રાખેલા થર્મોકોલના ખોખા ઉપર પડતા થર્મોકોલ સળગ્યું હતું. જેની રીષ રાખી ફૈઝલ મહંમદ કાળાએ જગદીશ વસાવાને મોઢા ઉપર પેટ ઉપર છાતીના ભાગે તેમજ પેઢા ના ભાગે લાતો મારી ઢીકા પાટુનો માર માર્યો હતો. જેથી જીવલેણ ઈજાઓ થતા તેનું ૧૪ મી નવેમ્બરના રોજ બપોરના સમયે કરુણ મોત થયું હતું.જે બાબતે મરણ જનાર જગદીશ વસાવાના કાકી મંજુલાબેન વસાવાએ આમોદ પોલીસ મથકે ફરિયાદ આપી હતી. પોલીસે ફૈઝલ મહંમદ સામે હત્યા તેમજ એટ્રોસીટી એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો. જેની તપાસ એસ.એસટી.સેલના નાયબ પોલીસ અધિક્ષક આર.આર.સરવૈયા ચલાવી રહ્યા છે.

INTEGRA SWITCHGEAR LIMITED

Regd.Office: 102, GharondaAppts, Indira Marg, Navapura, Vadodara, Gujarat. India - 390010
Tel 9824255488 E-mail : integra.pankajvora@gmail.com Website:-www.integraindia.com
CIN :L29130GJ1992PLC18684

Extract of AUDITED FINANCIAL RESULTS FOR QUARTER ENDED 30.09.2022 [Rs In Lacs]

Particulars	QUARTER ENDED 30-09- 2022 (Unaudited)	QUARTER ENDED 30-06- 2022 (Unaudited)	6 MONTHS ENDED Sept 2022 30- 09-2022 (Unaudited)	6 MONTHS ENDED Sept 2021 30- 09-2021 (Unaudited)	YEAR ENDED 31-03-2022 (Audited)
Income From Operation	-	-	-	-	-
(a)Net Sales/Income from Operations	-	-	-	-	-
(b)Other Income	-	-	-	-	-
Total Income					
Total Expenditure	26.15	4.77	30.92	5.14	12.04
Net Profit/(Loss) from ordinary activities after Finance costs but before exceptional items and before tax	(26.15)	(4.77)	(30.92)	(5.14)	(12.04)
Net Profit (+)/Loss(-) before tax after exceptional items	(26.15)	(4.77)	(30.92)	(5.14)	(12.04)
Profit(+)/Loss(-) for the period after tax and exceptional items	(26.15)	(4.77)	(30.92)	(5.14)	(12.04)
Total Comprehensive Income	-	-	-	-	-
Paid up equity share capital (face value Rs.10 per share)	288.16	288.16	288.16	288.16	288.16
Earning per share (for discontinued & continuing operations) a. Basic -Rs. b. Diluted -Rs.	(0.91)	(0.17)	(1.07)	(0.18)	(0.42)

1. The above Audited Financial Results for the Quarter and year ended Sept. 30, 2022 have been reviewed by the Audit committee at its meeting held on 14/11/2022 and approved by the Board of Directors of the Company at its meeting held on 14/11/2022

2. Note- The above is an extract of the detailed format of Quarter and Year ended Financial result filed with Stock exchange under Regulation 33 of SEBI (LODR) Regulations, 2015. The full format of Quarter and Year ended Financial result are available on the website of BSE Ltd at www.bseindia.com and on the Company's website at www.integraindia.com.

For Integra Switchgear Limited
sd/-
Pankaj Vora (DIN: 00259241) Wholetime Director & CFO

Place : VADODARA
Date : 14/11/2022

મૂડીઝે ભારત સહિત ૧૩ દેશોને નકારાત્મક પરિસ્થિતિની શ્રેણીમાં મૂક્યા



નવી દિલ્હી, ૧૫

ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝે મંગળવારે દેશોને ૨૦૨૩ માટે તેમની વૈશ્વિક ધિરાણપાત્રતા અંગે 'નકારાત્મક દૃષ્ટિકોણ' આપ્યો છે. તેમણે કહ્યું હતું કે ખાદ્યપદાર્થો અને ઊર્જાના ભાવમાં વધારો થવાથી આર્થિક વૃદ્ધિને અસર થશે અને સામાજિક તણાવમાં વધારો થશે. રેટિંગ એજન્સીના જણાવ્યા અનુસાર, ચુસ્ત નાણાકીય સ્થિતિ અને આર્થિક આંચકાને કારણે થયેલા નુકસાનને કારણે કેટલાક દેવાનો બોજ વધશે અને તે વ્યવસ્થિત સ્તર પર રહેશે નહીં. ઉપરાંત, વધતી જતી ક્રેડિટ કોસ્ટ દેવું સહન કરવાની ક્ષમતાને અસર કરશે. મૂડીઝના જણાવ્યા અનુસાર, ભારત સહિત ૧૩ દેશોએ આવતા વર્ષે તેમની સરકારી આવકના ૨૦ ટકાથી વધુ રકમ દેવાની ચુકવણી પર ખર્ચ કરવી પડશે.તેમાં કહેવામાં આવ્યું છે કે એક તરફ ધિરાણકર્તાઓને દેવાની ચુકવણી અને બીજી તરફ વસ્તીની આકાંક્ષાઓ અંગે સામાજિક અને આર્થિક વિકાસ. પૂર્ણતા વચ્ચે મૂંઝવણ વધશે. તેનું કારણ એ છે કે સરકારે તેની વધતી આવકનો એક ભાગ વ્યાજની ચુકવણી માટે વાપરવો પડશે.

મૂડીઝે કહ્યું, "૨૦૨૩ માટે સરકારી ધિરાણ માટેનો અમારો અંદાજ નકારાત્મક છે. ફુગાવો ઘટવા લાગશે, તેમ છતાં ખાદ્યપદાર્થો અને ઊર્જાના ભાવ ઊંચા રહેશે. આનાથી આર્થિક વૃદ્ધિને અસર થશે અને સામાજિક તણાવ વધશે. ઊંચી કિંમતો અને ચુસ્ત નાણાકીય નીતિ ગ્રાહકોના ખર્ચ, રોકાણ અને આર્થિક ભાવનાઓને અસર કરે છે. મૂડીઝના મતે એશિયા અન્ય ક્ષેત્રોને પાછળ રાખી દેશે. ભારત જેવા મોટા એશિયાઈ દેશોનો વિકાસ ૪.૫ ટકાથી વધુ થશે કારણ કે સ્થાનિક વપરાશ, રોકાણ અને પ્રવાસન સામાન્ય સ્તરે પરત ફરશે. અને ૨૦૨૪માં પણ તે સુસ્ત રહી શકે છે.

પશ્ચિમ રેલવે

સ્ટોર્સ વિભાગ

પી-વે અને અન્ય વિવિધ ભંગાર માટે ડીસેમ્બર, ૨૦૨૨ દરમિયાન ઈ-ઓક્શન સેલ

ખાસ ધ્યાન: બધા સ્ટીલ ખરીદનારા અને રિ-રોલર્સ

પી.વે ભંગાર, રેલ ભંગાર અને અન્ય વિવિધ ભંગાર સામગ્રીના નિકાલ માટે જાહેર ઈ-ઓક્શન નીચે આપેલા કાર્યક્રમ મુજબ **ડીસેમ્બર, ૨૦૨૨** માં યોજાશે:

૧ લો રાઉન્ડ	૨ જો રાઉન્ડ	ડીપોટ	ચાર્જમાં ડેપો ઓફિસર	સંપર્ક નં.
૦૫-૧૨-૨૦૨૨	૧૪-૧૨-૨૦૨૨	**રાજકોટ**	સિનિયર વિભાગીય સામગ્રી મેનેજર - રાજકોટ	૦૨૬૫૨૬૪૧૫૯૨/ ૦૯૭૨૪૦૯૧૭૫૦
૦૬-૧૨-૨૦૨૨	૧૫-૧૨-૨૦૨૨	**સાબરમતી**	નાયબ મુખ્ય સામગ્રી મેનેજર - સાબરમતી	૦૭૯૨૭૫૦૦૦૮૦/ ૦૯૭૨૪૦૯૩૭૭૪
૦૮-૧૨-૨૦૨૨	૧૬-૧૨-૨૦૨૨	**દાહોદ**	નાયબ મુખ્ય સામગ્રી મેનેજર - દાહોદ	૦૨૬૭૩૨૪૧૨૯૫/ ૦૯૭૨૪૦૯૦૪૫૫
૦૯-૧૨-૨૦૨૨	૧૯-૧૨-૨૦૨૨	**રતલામ**	નાયબ મુખ્ય સામગ્રી મેનેજર - રતલામ	૦૭૯૨૭૫૦૦૦૮૦/ ૦૯૭૨૪૦૯૩૭૭૪
૧૨-૧૨-૨૦૨૨	૨૧-૧૨-૨૦૨૨	**ભાવનગર**	સિનિયર વિભાગીય સામગ્રી મેનેજર - ભાવનગર	૦૨૭૮૨૪૪૪૩૬૦/ ૦૯૭૨૪૦૯૭૭૫૦
૧૩-૧૨-૨૦૨૨	૨૨-૧૨-૨૦૨૨	**વડોદરા**	સિનિયર વિભાગીય સામગ્રી મેનેજર - વડોદરા	૦૨૬૫૨૬૪૧૫૯૨/ ૦૯૭૨૪૦૯૧૭૫૦
૧૪-૧૨-૨૦૨૨	૨૩-૧૨-૨૦૨૨	**અમદાવાદ**	સિનિયર વિભાગીય સામગ્રી મેનેજર - અમદાવાદ	૦૭૯૨૨૨૦૫૮૮૮/ ૦૯૭૨૪૦૯૩૭૫૦
૧૫-૧૨-૨૦૨૨	૨૭-૧૨-૨૦૨૨	**મહાલક્ષ્મી**	નાયબ મુખ્ય સામગ્રી મેનેજર - મહાલક્ષ્મી	૦૨૨-૨૪૯૨૯૫૭૧ /૦૯૦૦૪૪૯૫૭૫૦
૧૬-૧૨-૨૦૨૨	૨૮-૧૨-૨૦૨૨	**પ્રતાપનગર**	સિનિયર વિભાગીય સામગ્રી મેનેજર - વડોદરા	૦૨૬૫૨૬૪૧૫૯૨/ ૦૯૭૨૪૦૯૧૭૫૦
૨૦-૧૨-૨૦૨૨	૨૯-૧૨-૨૦૨૨	**મુંબઈ સેન્ટ્રલ**	સિનિયર વિભાગીય સામગ્રી મેનેજર - મુંબઈ સેન્ટ્રલ	૦૨૨-૨૩૦૯૪૧૪૨ /૦૯૦૦૪૪૯૯૦૦૬

વિગતવાર માહિતી માટે કૃપા કરીને સંબંધિત ડેપો/વિભાગીય અધિકારીઓનો સંપર્ક કરો. **નોંધ:- ૧.** રેલવે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ પાછો ખેંચવાનો અધિકાર અનામત રાખે છે. **૨.** નિર્ધારિત સમય મુજબ ઈ-ઓક્શન શરૂ થશે. **૩.** ઈ-ઓક્શન સૂચિ સાઈટ **www.ireps.gov.in** ઈ-ઓક્શન પોર્ટલ પર ઉપલબ્ધ હશે. **૪.** ઈ-ઓક્શન, ડિજિટલ હસ્તાક્ષર, નોંધણી પ્રક્રિયા અને ભાગીદારી સંબંધિત કોઈપણ સહાયની જરૂર હોય, તો કૃપા કરીને ઉપરોક્ત ડેપો ઓફિસરનો સંપર્ક કરો. **૫.** તમામ ચુકવણી વ્યવહારો ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા કરવામાં આવશે.

(નં. SIII/ઓક્શન પ્રોગ્રામ-૧/ડીસે.-૨૦૨૨ તારીખ ૧૫-૧૧-૨૦૨૨) 0588

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે

સુધારણા

ટેન્ડર નોટિસ નંબર W641/22/22/11 તારીખ ૦૯-૧૧-૨૦૨૨ માટે સુધારણા. ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ ૦૬-૧૨-૨૦૨૨ ના રોજ ૧૧:૦૦ કલાકે. આમાં હાલની બાની નાણાં : ઈએમડી ના બદલામાં ઓફર સાથે બિડ સુરક્ષા ઘોષણા સબમિટ કરવા માટે મુક્તિ આપવામાં આવેલ બિડર. **બાનાની રકમ તરીકે વાંચવા માટે: રૂ.૧૧,૧૧,૧૦૦/.** ટેન્ડરના અન્ય નિયમો અને શરતો સમાન રહેશે. 0583

અમને લાઈક કરો: facebook.com/WesternRly

AXEL POLYMERS LIMITED

Axel way to Engineering Compounds..

CIN: L25200GJ1992PLC017678
Regd. Office: S.No. 309, Vil. Mokshi, Tal Savli, Dist.Vadodara-391780
Website: www.axelpolymers.com, **E-mail:** cs@axelpolymers.com

Extract of Unaudited Financial Results for the quarter and half year ended 30.09.2022

(₹ in Lakhs)

Sr. No.	Particulars	Quarter Ended 30.09.2022	Quarter Ended 30.09.2021	Half Year Ended 30.09.2022	Half Year Ended 30.09.2021
		(Unaudited)			
1	Total Income from Operations	2152.78	1797.45	4039.74	3620.17
2	Net Profit / (Loss) for the period (before Tax, exceptional and/or Extraordinary items)	25.02	20.07	50.82	46.15
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	25.02	20.07	50.82	46.15
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	25.02	20.07	50.82	46.15
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	23.87	19.63	52.50	44.80
6	Equity Share Capital	851.67	851.67	851.67	851.67
7	Reserves	-	-	-	-
8	Basic & Diluted EPS (Not annualised)	0.29	0.24	0.60	0.54

Note:
The above is an extract of the Financial Results filed with Stock Exchange. Full Finanical Results are available on the Company website at www.axelpolymers.com as well as on BSE website at www.bseindia.com.

For **Axel Polymers Limited**
Sd/-
A. B. Bodhanwala - Director & CFO (DIN : 00421362)

Place: Mumbai
Date: 14.11.2022

એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ

સર્વે નં ૨૬, ગામ : પીપળીયા, તાલુકો : વાઘોડીયા જિલ્લો : વડોદરા-૩૯૧૭૬૦

જાહેર નોટીસ

એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમીટેડના વર્ષ ૨૦૨૧-૨૨ ના આર.પી.ઓ પાલનમાં રાહત અને પીટિશનરને ૨૦૨૨-૨૩ સુધી આર.પી.ઓના જવાબદારીમાંથી મુક્તિ આપવી તેના વિતરણ કારોબાર (વડોદરા એસઝેડ ખાતે) તે માટેની અરજી પરના વાંધાઓ/સૂચનો (અરજી નં. ૨૧૦૬/૨૦૨૨)

૧. અરજદાર, એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમીટેડ (એસ્પેન) ગામ : પીપળીયા અને અલવા, તાલુકો : વાઘોડીયા, જિલ્લો : વડોદરા, ગુજરાત રાજયમાં એસઈઝેડ કાયદો, ૨૦૦૫ની કલમ ૩ હેઠળ (૨૦૦૫ ની ૨૮) ખાતે મલ્ટી સેક્ટર આધારિત ખાસ આર્થિક ક્ષેત્ર SEZ(એસઈઝેડ) ની સ્થાપના કરવામાં આવી છે.

૨. કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મંત્રાલય અનુસાર (કોમર્સ વિભાગ) ૩ માર્ચ, ૨૦૧૦ ના જાહેરનામા અને વીજળી ધારો ૨૦૦૩ (૨૦૦૩ ઈ.એ)ની જોગવાઈઓ હેઠળ અને માનનીય કમિશનના ૧૬ ડિસેમ્બર, ૨૦૦૯ ના આદેશ કે જે વિતરણ પરવાનાની મંજૂરી બાબતે હતો. એસ્પેન વડોદરા ખાતે તેના સેઝ વિસ્તારમાં વિતરણ પરવાનેદાર માનવામાં આવે છે.

૩ જીઈઆરસી (નવીનીકરણ સ્રોતમાંથી ઊર્જા પ્રાપ્તિ) રેગ્યુલેશન, ૨૦૧૦ અને તેનો (પ્રથમ સુધારો) ૨૦૧૪ રિન્યુએબલ પાવર પરચેઝ ઓબ્લિગેશન વર્ષ ૨૦૨૧-૨૨ માં સુધારા હેઠળ એસ્પેન તેના વિતરણ કારોબાર (વડોદરાએસઈઝેડ ખાતે) માટે ૨૦૨૧-૨૨ ના આર.પી ઓ પાલનમાં રાહત અને પીટિશનરને ૨૦૨૨-૨૩ સુધી આર.પી.ઓના જવાબદારીમાંથી મુક્તિ આપવા માટેની અરજી દાખલ કરી છે. એ ધ્યાનમાં લેતાં કે વર્ષ ૨૦૨૧-૨૨ ની જેમ અરજદાર એજીવીસીએલ પાસેથી સંપૂર્ણ વીજ આવશ્યકતાઓ મેળવે છે અને ભવિષ્ય માટેના કીસ્સામાં ચાલુ રાખ્યુ છે તેથી અરજદારને ઊર્જા વપરાશ MGVCL ના RPO જવાબદારીમાં સમાવેશ થાય છે.

૪ માનનીય આયોગે ૧૯ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજનો ના દૈનિક આદેશ દ્વારા એસ્પેનને હિસ્સેદારો/વિરોધીઓની ટિપ્પણીઓ આમંત્રિત કરતી જાહેર સુચના પ્રકાશિત કરવા નિર્દેશ આપ્યો હતો.

૫. નીચે જણાવેલ દસ્તાવેજ ની નકલ એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ, સર્વે નં. ૨૬, ગામ પીપળીયા, તાલુકો વાઘોડીયા, જિલ્લો : વડોદરા-૩૯૧૭૬૦ ખાતેથી લેખિત વિનંતી આપવાથી મેળવી શકાશે.

એસ્પેન પિટિશન અને સંબંધિત દસ્તાવેજો (અંગ્રેજીમાં)

૬ પંચે એસ્પેનને આ નોટીસ મારફતે ઉપરોકત અરજી પર જાહેર જનતા પાસેથી વાંધાઓ અને ટિપ્પણીઓ/સુચનો મંગાવવા માટે આદેશ આપ્યો છે. સુચનો અથવા ટિપ્પણીઓ સચિવ, ગુજરાત વીજ નિયમન પંચ, ૬ ઠ્ઠો માળ,ગીફટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫, ગુજરાત (Fax: +૯૧-૭૯-૨૩૬૦ ૨૦૫૪/૫૫, Email : gerc@gercin.org) ને ગુરૂવાર, ડીસેમ્બર ૧૫,૨૦૨૨ ના રોજ અથવા તે પહેલાં પાંચ નકલોમાં એફિડેવિટ સાથે તેમની રજૂઆતના સમર્થનમાં અરજદારને એક નકલ સાથે એટલે કે એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ.

૭ પ્રત્યેક વ્યકિત કે જે વાંધાઓ અને ટિપ્પણીઓ સુપ્રત કરવાનો ઈરાદો ધરાવતા હોય તેઓ સમાન બાબત ઈંગ્લીશમાં અથવા ગુજરાતીમાં પાંચ નકલ